ફરિયાદ પક્ષના કેસની ટુંકી હકીકત એવી છે કે, તા.             ના રોજ આરોપી દારૂ પીધેલ હાલતમાં મળી આવી પ્રોહીબીશન એકટની કલમ૬૬(૧)બી, ૮૫ મુજબનો ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઉપરોકત ગુન્હા અંગેનુ ચાર્જશીટ કરેલ.

ત્યાર બાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં પોલીસ તપાસની નકલો વિના મુલ્યે મળ્યાની ખાત્રી કર્યા બાદ આંક – ૨ થી પ્લી/ નિવેદન રેકર્ડ કરતા આરોપીએ સ્વેચ્છીક રીતે અને રાજી ખુશી થી ગુન્હાની કબુલાત કરેલ તેમજ આંક – ૩ થી અલગ કબુલાત પુરશીશ પણ આપીને તેમને ઓછામાં ઓછી સજાને દંડ કરવા માટે પોતાને પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે. આરોપી ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જાણવા છતાં અને સમજાવવા છતાં પણ સ્વેચ્છીક રીતે ગુન્હો કબુલ કરતા હોય, કબુલાત પુરશીશ દાખલ કરવામાં આવ્યું.

આરોપી સામે પ્રોહીબીશન એકટની કલમ૬૬(૧)બી, ૮૫ મુજબના સામાન્ય ગુન્હાનું તહોમત છે, તેમજ આરોપીની કબુલાત પુરશીશ વંચાણે લેતાં, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા આરોપી નાની ઉમરનો, ગરીબ અને મજૂર વર્ગનો માણસ જણાય છે, તેમજ કુટુંબમાં એક માત્ર કમાનાર સભ્ય છે, બાલચ્ચાવાળો માણસ છે, તેમજ ગુન્હો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે, તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા ન્યાયી અને ઉચિત માનું છું.

નામદાર ગુજરાત હાઈકોર્ટ ૨૦૦૫(૨) જી.એલ.આર. પાના નંબર ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં ડીવીઝન બેચે એવા સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે કે જે પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા

પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની પ્રથા છે. ઉપરોકત ચુકાદાના સિધ્ધાંતોને હુ નમ્રપણે માનું છું અને સદર હું ચુકાદાના પાના નંબર ૭૨૧. ૫૨ પેરા નંબર ૨૧. માં જે કારણો જણાવેલા છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છું અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>હુકમ</u>**

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ ૨૫૨ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી, ૮૫ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા. **<u>૫૦૦/–</u>** (અંકે રૂપિયા પાંસ સો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડની રકમ ન ભરે તો **<u>૫</u>** દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદામાલ દારૂનો અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૦૮/૦૨/૨૦ ના સ્પેશીયલ સીટીંગમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

(નિરાલી ભુપેન્દ્રભાઇ મુનશી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૧૩, અમદાવાદ
**CODE NO. GJ00735**

સ્થળઃ– અમદાવાદ